**ફોજદારી કેસ નં. 1013/2013**

## આંક–૧ લગત હુકમ

**૧.** આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી તથા ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળ ના નિર્દેશો અનુસાર યોજેલ આજરોજની નેશનલ લોકઅદાલતમાં સ્પેશીયલ સીટીગનું પણ આયોજન કરેલ છે જેમાં ન્યાયીક સતા નો ઉપયોગ થઈ શકે છે અને ન્યાયીક હુકમ પસાર કરી શકાય છે. જે સ્પેશીયલ સીટીગમાં હાલનો કેસ રાખવામાં આવેલ છે.

**૨.** રેકર્ડ ધ્યાને લીધુ, ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ સને–2013 માં આરોપી વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ છે અને ગુનાનુ સંજ્ઞાન લઈ આરોપી વિરુધ્ધ નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કલમ– ૧૩૮ અન્વયેના પ્રોસેસ કાઢવા હુકમ કરવામા આવેલ છે, અને ત્યારથી આ કામ આરોપીને પ્રોસેસની બજવણી માટે પેન્ડીગ પડી રહેલ છે. આ કામે આરોપીને અવાર નવાર પ્રોસેસ કાઢવામા આવેલ છે. જે પ્રોસેસ આરોપી ફરીયાદમા જણાવેલ સરનામે રહેતા ન હોવાના કારણે બજતી નથી અને બીનબજે પરત ફરેલ છે અને ફરીયાદી ધ્વારા હાજર થઈ આરોપીનુ સરનામુ રજુ કરેલ નથી આમ, આરોપીનું સરનામુ આજદીન સુધી ફરીયાદપક્ષ ધ્વારા રજુ રાખવામાં આવેલ નથી અને ત્યારબાદ આ કામના ફરીયાદીને હાજર રહી આરોપીનું સરનામુ રજુ કરવા માટે ફરીયાદીને નોટીસ કાઢવામાં આવેલ છે જે નોટીસની પણ બજવણી ફરીયાદી સરનામે રહેતા ન હોવાના કારણોસર થયેલ નથી. આમ, આ કામે ફરીયાદી હાજર રહેલ નથી અને આ કામમાં આરોપીને પ્રોસેસની બજવણી માટે આરોપીનું કોઈ નવુ સરનામુ પણ રજુ કરવામાં આવેલ નથી આ સંજોગોમા ફરીયાદીને કેસની કાર્યવાહી આગળ ચલાવવામા કોઈ જ રસ ન હોવાનુ ફલીત થાય છે. આમ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા આરોપીને આજદિન સુધી પ્રોસેસની બજવણી સરનામાના અભાવે થઈ શકેલ નથી. જે બદલ ફરીયાદી ની બેદરકારી જણાઈ આવે છે અને સદર કેસ પાંચ વર્ષ ઉપરાંત થી બીનઅસરકારક રીતે પડી રહેલ છે અને આરોપીની હાજરી સુનીસ્ચીત કરવા ફરીયાદપક્ષે કોઈજ અસરકારક પગલા ભરેલ નથી અને વધુ સમય હાલની ફરીયાદ પડતર રાખી શકાય નહી.

**૩.** આ સબંધે નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહી તે સાથોસાથ નામ.ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબરઃ ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો ચૂકાદો ધ્યાને લેતાં તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાંના હોય તો તેને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. આ કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

હાલની ફરીયાદ ફરીયાદીની બેદરકારી અને કસુરના કારણે રદ કરવામાં આવે છે અને આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૧ મી, માહે ડિસેમ્બર, સને ૨૦૨૧ ના રોજ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રટ કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(આર.સી.સોઢાપરમાર)
એડી.ચીફમેટ્રોપોલીટનમેજીસ્ટ્રેટ
ને.ઈ.એ.કોર્ટનં.૩૭,અમદાવાદ.
GJ 01158

તા.૧૧/૧૨/૨૦૨૧
અમદાવાદ.